અભિનંદન સહ આભારપત્ર :

પ્રતિ,
માનનીય શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાહેબ,
મૃદુ અને મક્કમ મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય,
ગાંધીનગર.

વિષય: સેલ્ફ-ફાઇનાન્સ કોલેજોના પ્રાધ્યાપકોના પ્રશ્નો અને વિઝિટીંગ ફેકલ્ટીના મહેનતાણામાં સીધો ત્રણ ગણો વધારો કરી સન્માનજનક જીવન આપવા બદલ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવા બાબત.
આદરણીય મુખ્યમંત્રી સાહેબશ્રી,
સવિનય પ્રણામ સાથે જણાવવાનું કે હું તિતિક્ષા ઠક્કર, રતાડીયા (તા. મુંદરા, જી. કચ્છ) સ્થિત 'જલારામ સખી મંડળ' ના પ્રમુખ તરીકે સામાજિક સેવાઓ આપું છું.
કચ્છની સેલ્ફ-ફાઇનાન્સ કોલેજોમાં એક જ બિલ્ડિંગમાં, એક જ અભ્યાસક્રમ હોવા છતાં ગ્રાન્ટેડ વિભાગના ફિક્સ પગારદાર પ્રોફેસરોને માસિક રૂ. ૫૨,૦૦૦/- (૧૩/૦૯/૨૦૨૪ ના ઠરાવ મુજબ) મળતા હતા જેની સામે સેલ્ફ-ફાઇનાન્સ વિભાગમાં ઉચ્ચ શૈક્ષણિક લાયકાત *(NET, SET, Ph.D.)* ધરાવતા પૂર્ણ સમયના અધ્યાપકોને માત્ર રૂ. ૧૦,૫૦૦/- નું નજીવું વેતન અપાતું હતું અને વેકેશનનો પગાર પણ અપાતો નહોતો. આ અસમાનતા અને આર્થિક શોષણ સામે ૧૭ જૂન, ૨૦૨૬ ના રોજ 'ગુજરાત સમાચાર' સહિતના વર્તમાનપત્રોમાં અહેવાલો પ્રસિદ્ધ થતાં જાગૃત નાગરિકોમાં ભારે ચિંતા વ્યાપી હતી.
આ વિષમ પરિસ્થિતિ વચ્ચે કોઈ ખુલ્લેઆમ બોલવા તૈયાર નહોતું ત્યારે કચ્છની એક શિક્ષિત દીકરી તરીકે મને દેશના પનોતા પુત્ર, કચ્છના હિતેચ્છુ અને ભારતના યશસ્વી વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઈ મોદીના ન્યાયપ્રિય નેતૃત્વ પર અડીખમ ભરોસો હતો.
અને આજે આપને જણાવતા અત્યંત હર્ષ અને ગૌરવ થાય છે કે કચ્છના જ વતની, બહેનોના મોટાભાઈ અને રાજ્યના ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણમંત્રી માનનીય ત્રિકમભાઈ છાંગા (ધારાસભ્ય, અંજાર મત વિસ્તાર)ના વિશેષ સાથ-સહકાર, અંગત રસ અને માર્ગદર્શિત પ્રયાસોથી આપની સરકારે ત્વરિત પગલાં લીધા. સાચે જ શિક્ષણમંત્રી ત્રિકમભાઈ છાંગાના સતત માર્ગદર્શન અને સક્રિય સાથ-સહકાર વગર આ નિર્ણયની આટલી ઝડપી અને ઐતિહાસિક અમલવારી શક્ય જ નહોતી.
શિક્ષણ વિભાગના તાજેતરના પરિપત્ર (ક્રમાંક: *ED/1671/07/2026*, તા. ૩૦/૦૭/૨૦૨૬) મુજબ વિઝિટીંગ ફેકલ્ટીના તાસદીઠ દરો વધારવાની સાથે માસિક

મર્યાદા રૂ. ૧૫,૦૦૦ થી સીધી રૂ. ૪૫,૦૦૦ કરી દેવામાં આવી છે! વાસ્તવમાં કચ્છમાં જ્યાં તાસદીઠ માત્ર રૂ. ૧૫૦ થી ૨૦૦ મળતા હતા તેના બદલે હવે માસિક રૂ. ૪૫,૦૦૦ સુધીનો સીધો ત્રણ ગણો વધારો મળવાથી રાજ્યની ખાનગી અને સેલ્ફ-ફાઇનાન્સ કોલેજોના હજારો પ્રોફેસરોને આર્થિક સુરક્ષા અને સન્માન મળ્યું છે.

ભગવાન ભલા કરનારનું ભલું કરે છે - એક વ્યક્તિગત અનુભવ:

આર્થિક સંકળામણના કારણે મારે કોલેજમાંથી રાજીનામું આપવું પડ્યું હતું. પરંતુ ઈશ્વર કૃપાથી મને મારા જ પસંદગીના ગામમાં ધોરણ ૧૧-૧૨ (ઉચ્ચ માધ્યમિક) માં માસિક રૂ. ૨૬,૦૦૦ ના પગારે 'જ્ઞાન સહાયક' તરીકે નિમણુંક મળી ગઈ છે અને સાથે જ ગામની સરકારી કોલેજમાં 'વિઝિટીંગ પ્રોફેસર' તરીકે ૨ તાસ લેવાની ઓફર પણ મળી છે. પરિણામે સરકારશ્રીના વિઝિટીંગ ફેકલ્ટીના નવા સરાહનીય નિયમ અને જ્ઞાન સહાયકના સથવારે મારો કુલ પગાર પણ ગ્રાન્ટેડ કોલેજના અધ્યાપક જેટલો (આશરે રૂ. ૫૨,૦૦૦) થઈ જશે જે મારા માટે અદ્ભુત સંયોગ અને આનંદની બાબત છે.

આ નિર્ણય મારા માટે અને સમગ્ર રાજ્યની દીકરીઓ માટે આવનારા 'રક્ષાબંધન' ના પવિત્ર તહેવાર નિમિત્તે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને આપણી ગુજરાત સરકાર તરફથી મળેલી એક અમૂલ્ય ભેટ (પસલી) સમાન છે. આ નિર્ણયે સાબિત કરી દીધું છે કે નરેન્દ્રભાઈ મોદી માટે કચ્છ અને કચ્છીઓ માત્ર વાતો અને ભાષણમાં જ નહીં પણ એમના હૃદયમાં વસે છે અને તેઓ રજૂઆતનો ત્વરિત-કાયમી ઉકેલ લાવવામાં માને છે.

કચ્છની દીકરી અને જલારામ સખી મંડળ વતી આપશ્રીનો, શિક્ષણમંત્રી ત્રિકમભાઈ છાંગાનો (જેમના અમૂલ્ય યોગદાનથી આ શક્ય બન્યું) તથા માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનો હૃદયના ઊંડાણપૂર્વક ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરું છું.

આપની સ્નેહાધીન,

*Titixa Thacker*

(તિતિક્ષા ઠક્કર)

પ્રમુખ, જલારામ સખી મંડળ, રતાડીયા, તા. મુંદરા (કચ્છ)

નકલ રવાના (આદરપૂર્વક જાણ અર્થે):

૧. માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદી, વડાપ્રધાનશ્રી, ભારત સરકાર, નવી દિલ્હી. *(PMO)*

૨. માનનીય શ્રી ત્રિકમભાઈ છાંગા, મંત્રીશ્રી, ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ, ગુજરાત રાજ્ય.

તારીખ: ૪ ઓગસ્ટ, ૨૦૨૬, રતાડીયા (તા. મુંદરા - કચ્છ)